# શ્રાવણિયા સોમવારે ફરાળી વાનગીઓ ઓન ડિમાન્ડ

## બફવડા, સાબુદાણા પેટીસ, પાત્રા, પફથી લઈને ફરાળી પીઝા-સેન્ડવીચ જેવી વાનગીઓની ભારે ડિમાન્ડ

ગાંધીનગર, તા. ૯

શ્રાવણ મહિનાના પ્રારંભે ફરાળી વાનગીઓની ડિમાન્ડ વધવા લાગી છે. બટાકા અને સીંગોડા, રાજગરાના લોટમાંથી બનતી વિવિધ વાનગીઓનો રસથાળ જામ્યો છે. બફવડાથી લઈને ફરાળી પીઝા સુધીની વાનગીઓની બજારમાં ખૂબ ડિમાન્ડ છે.

ઉપવાસ એટલે ભુખ્યા રહેવું, કશું જ પેટમાં નાખવું નહી. આપણા ધાર્મિક ગ્રંથોમાં પણ ઉપવાસ વિશે ઘણી વાતો લખી છે. ઉપવાસ શબ્દને છૂટો પાડીએ તો ઉપ+વાસ એટલે કે ઊંચી કક્ષાએ જીવવું. ભુખ લાગવી એ શરીરનો ધર્મ છે. શરીરના ધર્મથી ઊંચે જવું એટલે કે પરમ બ્રહ્મમાં વિલીન થવુ. ઉપવાસ કરવાથી મન પવિત્ર થાય છે. આ વાત આપણા હિન્દુ ધર્મગ્રંથોમાં, જૈન અને બુદ્ધ ધર્મમાં અને ક્રિશ્ચિયન ધર્મમાં પણ જણાવેલ છે. ઉપવાસ કરવાથી આ જન્મના અને પૂર્વ જન્મના પાપો-ખોટા કર્મોનો નાશ થાય છે. ધર્મમાં શ્રદ્ધા વધે છે, શરીર ચોખ્ખુ થાય છે. દરેક પ્રકારના ત્યાગમાં ઉપવાસ શ્રેષ્ઠ ગણાય છે. સામાન્ય રીતે બટેકા, શક્કરીયા, સિંગોડા, સાબુદાણા, માવો, સૂકામેવા, ઘી, તેલ ખાંડ, ગોળ, દૂધ, દહીં જેવા પદાર્થો ફરાળી વાનગીમાં વાપરીએ છીએ. આ બધા પદાર્થો કાર્બોહાઈડ્રેટ્સ, ફેંટ, સુગરથી ભરપુર છે.

ફરાળ એ ફલાહાર સંસ્કૃત શબ્દનો અપભ્રંશ થયેલો શબ્દ છે. ફરાળનો ઉદ્દેશ્ય સામાન્ય રીતે ખવાતા ખાદ્યપદાર્થોને બદલે ફલાહાર-ફળનો આહાર કરવો એટલે માટે આરોગ્યપ્રદ છે કેમકે વર્ષાઋતુમાં ભેજ, ઠંડક, સૂર્યપ્રકાશનો અભાવ, વાદળછાયુ વાતાવરણ માનવ શરીર પર અસર કરે છે. આ બદલાયેલા આબોહવાની અસર અનાજ, કઠોળ, ફળ, શાકભાજી પર થાય છે. આવા સમયગાળા દરમ્યાન અમુક તિથિ-તહેવારે સામાન્ય ખોરાકનો ત્યાગ કરી માત્ર પાણી, નવશેકું પાણી, દૂધ-છાશ જેવા સેવન કરવું જોઈએ.

ઉપવાસ દરમિયાન ખાવાની વિવિધ ફરાળી વાનગીઓ વર્તમાન સમયમાં નવી નવી વેરાયટીઓ સાથે માર્કેટમાં મળી રહેતી હોય છે. ગાંધીનગરમાં ફરાળી વસ્તુઓ માટે અને અવનવી ઉપવાસમાં ખવાતી વાનગીઓ માટે શહેરની દરેક બેકરીઓ પ્રખ્યાત છે. કોરોનાકાળ બાદ બજારોમાં મીઠાઈઓની દુકાનોમાં લોકોની ભીડ જોવા મળતી નહોતી જે શ્રાવણ મહિનાના પ્રારંભથી અને તહેવારોના આગમનથી શહેરમાં મીઠાઈઓની દુકાનોમાં ધરખમ જમાવડો જોવા મળી રહ્યો છે. શ્રાવણના પ્રથમ સોમવાર અને ઉપવાસનો મહિમા હોવાથી લોકો અવનવી ફરાળી વાનગીઓની ખરીદી કરી રહ્યા છે. ગયા વર્ષે કોરોનાકાળ દરમિયાન શ્રાવણ માસમાં પણ દુકાનો બંધ હાલતમાં હતી. તેથી દુકાનદારોને નુકશાન વેઠવું પડ્યું હતું. પરંતુ બીજી લહેરના અંત સાથે જ આ વર્ષે શ્રાવણ મહિનાની ઉજવણી ધૂમધામથી થઈ રહી છે. લોકોમાં ખૂબ જ ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

સેક્ટર-૨૧, સેક્ટર-૭ના માર્કેટમાં લોકોની ભીડ જોવા મળી રહી છે. ફળ-ફળાદિ, પૂજાની સામગ્રી, ઉપવાસની વાનગીઓની ખરીદી કરતા લોકો બજારોમાં ઉમટી પડ્યા છે. મેળામાં જેમ ભીડ થતી હોય છે તેવી ભીડ શ્રાવણ મહિનાના પ્રારંભે જ જોવા મળી રહી છે.

જેમ જેમ દરેક વસ્તુઓમાં નવીનતા આવી રહી છે તેમ જ ઉપવાસમાં ખાવાની વાનગીઓ પણ નવીનતા આવી ગઈ છે. લોકો અવનવી ફરાળી વાનગીઓ ઉપવાસ દરમિયાન આરોગી રહ્યા છે. જેવી કે સૂકી કાતરી, ચેવડો, મસાલા ચેવડો, ડ્રાયફ્રુટ ચેવડો, લીલો ચેવડો, ડ્રાય ભેળ, સાબુદાણા ચેવડો, રાજગરા સેવ, ફુલવડી, સક્કરપારા, મસાલા પુરી, સીંગ ભુજીયા, રાજગરા વડા, ફરાળી પીન્ઝા, બફવડા, સાબુદાણા પેટીસ, લીલા નાળિયેરની પેટીસ, પાત્રા, પફ, પનીર પેટીસ, સૂકી ભાજી, દહીંવડા, આલુટીક્કી વગેરે.

### સેક્ટર-૧૧ની પ્રખ્યાત રાધે શોપમાં ઉપવાસમાં મળતી ફરાળી વાનગીઓ શહેરમાં પ્રચલિત છે



કોરોના મહામારી દરમિયાન ગ્રાહકોની ઓછી ભીડ થતી હતી. બીજી લહેર મંદ પડતા વર્તમાન સમયમાં અમારે ત્યાં ૯૦ ટકા ગ્રાહકો આવી રહ્યા છે. હવે રેગ્યુલર જેમ આવતા હતા તેમ જ શહેરીજનો આવતા થયા છે. શ્રાવણ માસના કારણે ઉપવાસની અવનવી વાનગીઓ રાખવામાં આવી રહી છે. જેમાં સક્કરપારા, મસાલા પુરી, સેવપુરી, દિલ્હી ચાર્ટ, ઉપરાંત ફરાળી પ્લેટ બે વર્ષથી બનાવીયે છીએ. જેમાં થેપલા, સુકી ભાજી, ખીચડી, બફવડા અને દહીં ઉપરાંત એક સ્વીટ રાખવામાં આવે છે.

- વિપુલભાઈ સુખડીયા (રાધેસ્વીટ્સ એન્ડ નમકીન)

### સેક્ટર-૭ વૃંદાવનમાં મળતી ઉપવાસની વાનગીઓનો પણ શહેરીજનો દ્વારા સ્વાદ માણવામાં આવી રહ્યો છે



અમારી શોપ પર ૯૦ ટકા લોકો ખરીદી કરવા માટે આવી રહ્યાં છે. શ્રાવણ માસના પ્રારંભ થવાથી ગ્રાહકોની ભીડ જોવા મળી રહી છે. ઉપવાસમાં ખાવાની વાનગીમાંથી ગરમાગરમ બફવડા સૌથી વધારે વેચાઈ રહ્યા છે. ઉપરાંત નારીયેળની પેટીસ, ફરાળી થેપલા, કટલેશ, સાબુદાણા પેટીસ, ઉપવાસમાં ખવાતી વાનગીઓ મળી રહી છે.

- બ્રિજેશભાઈ વૃંદાવન સ્વિટ્સ




## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



તારી બૈરીને વાતે વાતે તને છુટ્ટુ વેલણ મારે છે તો એને ૨૦૨૪ની ઓલમ્પીકની પ્રેક્ટીસ કરાવને.

## ગ્રામીણ વિસ્તારમાં બેંક ઓફ ઈન્ડિયાનો ફાઈનાન્શિયલ લીટરસી કેમ્પ યોજાયો



ભારત હવે ડીજીટલાઈઝેશન અંતર્ગત ફાઈનાન્શિયલ ક્ષેત્રે હરણફાળ ભરી રહ્યું છે જેમાં દેશના ગ્રામીણ વિસ્તારના નાગરિકો ખૂબ મહત્વની ભૂમિકા ભજવશે. ગાંધીનગરના દહેગામ પાસેના વડવાસા ગામે ગ્રામીણ નાગરિકોને આ સંદર્ભે નાણાંકીય વ્યવહારો અંગે સભાનતા અને સુનિયોજિત આર્થિક આયોજન થકી ભાવિ સુરક્ષિત કરવા સહિતની જાગૃતિ માટે બેંક ઓફ ઈન્ડિયાની ઝોનલ બ્રાન્ચ દ્વારા ફાઈનાન્શિયલ લિટરસી કાર્યક્રમનું આયોજન કરાવવામાં આવ્યું હતું જેમાં બેંકના કૃષિ ફાઈનાન્સ વિભાગના વડા અધિકારી હિમાંશુ ગઢવી સહિત બેંક અધિકારીઓએ મહત્વનું માર્ગદર્શન પુરું પાડ્યું હતું.

## ખૂણેખાંચરેથી

● ગાંધીનગર મનપાના ચીફ ફાયર ઓફિસર મહેશ મોડની ગાંધીનગરની વડી કચેરી ખાતે બદલી કરવામાં આવી છે.

● ૧૧મી ઓગષ્ટના રોજ રાષ્ટ્રીય ગ્રંથાલય અને ગ્રંથપાલ દિવસની ઉજવણી કરવામાં આવશે.

● સચિવાલય સંકુલમાં રાજકીય નેતાઓ હવે મંગળવારથી નિયમિત મળતા થશે એટલે સંકુલમાં મુલાકાતીઓ આવતા થશે તેમ મનાઈ રહ્યું છે.

● સોમવારના દિવસથી જ પવિત્ર શ્રાવણ માસનો પ્રારંભ થતાં આજે મંદિરોમાં શિવભક્તોની ભીડ જોવા મળી હતી.

● સુશાસનના પાંચ વર્ષની ઉજવણી પછી હવે ૧૫મી ઓગષ્ટની ઉજવણીમાં તંત્ર વ્યસ્ત બન્યુ છે.

● પંચાયતોની પેટા-ચૂંટણીઓને લઈ ૨૩મી ઓગષ્ટે મતદારયાદીની પ્રસિદ્ધિ કરવામાં આવશે.

● સચિવાલય સંકુલમાં કાર્યરત ન્યુ ક્રેડીટ સોસાયટીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સની ૧૦ બેઠકોની ચૂંટણી માટેનો પ્રચાર જંગ ચરમસીમાએ પહોંચ્યો છે. ઉમેદવારો સોશ્યલ મિડિયાના માધ્યમથી બધા મતદારો સુધી પહોંચવાનો પ્રયાસ કરી રહ્યા છે.

● સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયાના આદ્યસ્થાપક સર સોરાબજી પોચાનવાલાની ૧૪૪મી જન્મજયંતિની ઉજવણી ગેઝીયાના હોલમાં જીઆઈડીસી બ્રાન્ચ દ્વારા કરવામાં આવી હતી.

● કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરી ૧૩મીએ ગાંધીનગર આવવાના હોઈ આ અંગેની તૈયારીઓમાં તંત્ર વ્યસ્ત બન્યુ છે.

● જિલ્લાના ઈન્ચાર્જ મેલેરિયા અધિકારીની પણ બદલી થતા આ જગ્યા ખાલી પડી છે.

## કેપલેર હેલ્થ કેર દ્વારા રાજયના ૯૨ હજાર પોલીસ જવાનોને મોકટેલ કીટનું વિતરણ




રાજયમાં કોરોનાના કપરા સમયમાં ફ્રન્ટલાઈન વોરીયર્સ તરીકે રાત દિવસ ફરજ બજાવનાર રાજયના ૯૨ હજાર પોલીસ અધિકારી-કર્મચારીઓને ઈમ્યુનિટી બુસ્ટ કરવા માટે કેપલર હેલ્થ કેર દ્વારા હીરોઝ ઓફ હ્યુમિનીટી કેમ્પેઈન દ્વારા મલ્ટી વિટામીન મોકટેલ ટેબ્લેટ એક માસનો કોર્ષનો જથ્થો તાજેતરમાં રજાયના પોલીસ વડા આશિષ ભાટીયાને સુપ્રત કરાયો હતો. આ પ્રસંગે કેપલેર હેલ્થકેર પ્રાઈવેટ લિમીટેડના ડિરેક્ટર હરપાલ વાળાએ જણાવ્યું હતું કે વૈશ્વિક મહામારી કોરોનાના કપરા સમયમાં પોલીસ વિભાગના જવાનોએ રાજયના સૌ ભાઈબહેનોની સલામતી પોતાના જીવ ઝોખમમાં મુકીને ફરજ બજાવી છે. પોલીસ તંત્ર દ્વારા ૨૪ કલાક ફરજ બજાવવામાં આવતી હતી. ને પગલે તેમનો જમવાનો સમય ન સચવાતા તેમનામાં પોષણની ઉણપ સર્જાવાની શકયતા રહેલી છે. મલ્ટી વિટામીન મોકટેલ ટેબ્લેટ આ ઉણપ દુર કરવામાં મદદરૂપ સાબિત થશે. કેપલેર કંપની દ્વારા અંદાજીત સાડા ત્રણ કરોડની મોકટેલ ટેબ્લેટની કીટ ૯૨ હજાર પોલીસ જવાનો માટે રાજયના પોલીસ વડાને અર્પણ કરી છે. અગાઉ કંપની દ્વારા કોરોના સમયમાં ડોકટરના પરિવારજનોને પણ કીટ પુરી પાડવામાં આવી હતી.

## અડાલજ શનિદેવ મંદિરમાંથી દાનપેટી તસ્કરો ઉઠાવી ગયા

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર શહેરી-ગ્રામ્ય વિસ્તારમાં તસ્કરો બેખૌફ બન્યા હોય તેમ લાગી રહ્યું છે. રાત્રીના અંધારામાં ચોરીને અંજામ આપી સિફતપૂર્વક નીકળી જાય છે. ત્યારે હવે ગાંધીનગરમાં મંદિરો પણ સલામત રહ્યા નથી તેમ લાગી રહ્યું છે. શહેરનો અડીનો આવેલા અડાલજ શનિદેવ મંદિરમાં ગતરાત્રીના સુમારે ત્રાટકેલા તસ્કરોએ મંદિરમાં પ્રવેશ કરીને સ્ટેન્ડ સાથે આખી દાન પેટી ઉઠાવી પલાયન થઈ ગયા હતા. પરંતુ ચોર શખ્સોને દાનપેટી ઉઠાવી લઈ જવાનું ભારે પડ્યું છે કારણ કે રવિવારના રોજ સવારે દાન પેટી ખોલી પૈસા કાઢી લેવામાં આવ્યા હતા. જેને પગલે એક હજાર રૂપીયા જેટલી રકમ તસ્કરોના હાથમાં આવી હોય તેમ લાગી રહ્યું છે. પરંતુ મંદિરમાં ચોરી થતા ભકતોમાં રોષ જોવા મળ્યો હતો. ત્યારે મંદિરના મહારાજે રૂ.૩ હજારની દાન પેટી અને રૂ.૧ હજાર રોકડા ચોરી થયાની ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસ શરુ કરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અડાલજ શનિદેવ મંદિરમાં પૂજા-અર્ચના કરતા દેવેન્દ્રભાઈ ઉપાધ્યાય પુજારી તરીકે સેવા આપે છે. પવિત્ર શ્રાવણ માસ શરુ થવાની પૂર્વ સંધ્યાએ ભકતોની ભારે ભીડ જોવા મળી હતી. શનિદેવ મંદિર દ્વારા દર રવિવારના રોજ દાનપેટી ખાલી કરવાનો નિયમ બનાવ્યો છે. જેને પગલે રવિવારના રોજ રાત્રીના આઠ વાગે દાન પેટીમાંથી તમામ રકમ કાઢી લેવામાં આવી હતી. નિયત સમય મુજબ દેવેન્દ્રભાઈ શનિદેવની પુજા કરી ને રાત્રીના દસ વાગ્યાના અરસામાં મંદિરમાં જ આવેલી શંકર ભગવાનની મૂર્તિ આગળ સુઈ ગયા હતા.ગતરોજ અમાસ હોવાથી ભકતો રાત્રીના સમયે પણ દર્શન કરવા માટે આવી રહ્યા હતા. પુજારી સવારના થાકી ગયા હોવાથી સુઈ ગયા હતા. ત્યારે રાત્રીના બે થી અઢી વાગ્યાના અરસામાં પાંચ તસ્કરો મંદિરમાં ત્રાટકયા હતા. મંદિરમાં પ્રવેશ તેઓએ ગાર્ડન તરફથી કર્યો હતો. મંદિરમાં કોઈ કિંમતી ચીજવસ્તુ મળી ન આવતા ત્રણ તસ્કરોએ ચોકી કરી હતી જયારે બે તસ્કરોએ દાન પેટી સ્ટેન્ડ સહિત ઉંચી કરીને મંદિર નજીક ઝાડીમાં લઈ ગાયબ થઈ ગયા હતા. મંદિરની આસપાસ વિસ્તાર ખુંદી વળતા દાન પેટીનું સ્ટેન્ડ નજીકમાંથી મળી આવ્યું હતું. જયારે પેટી ૩૦૦ મીટર દુર બિનાવારસી હાલતમાં બપોરે મળી આવી હતી. પરંતુ દાનપેટીમાંથી રૂપીયા તસ્કરો ચોરી કરી ગયા હતા. મંદિરના પુજારીએ રૂ.૩ હજારની દાન પેટી અને રૂ.૧ હજાર રોકડ મળી કુલ રૂ.૪ હજાર મત્તાની ચોરી અંગે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

ટ્યૂકડી જાહેર નિવિદા
ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ લિમિટેડ
(ગવર્મેન્ટ ઓફ ગુજરાત અન્ડરટેકીંગ)
ગ્રાઉન્ડ ફ્લોર, નિર્માણ ભવન, સેક્ટર-૧૦/એ, ગાંધીનગર.
ફોન નં. ૦૭૯-૨૩૨૫૨૯૧૨/૧૫
જાહેરાત ક્રમાંક : ૧૧/૨૦૨૧-૨૨
આ કચેરીનું કંડમ વાહન નં. GJ-18-AC-8167 Model 2008 ટાટા સુમો ગ્રાન્ડે જીપનો નિકાલ કરવાનો હોઈ રસ ધરાવનારે તેમના ભાવપત્રકો તા. ૨૧/૮/૨૦૨૧ સુધીમાં મોકલી આપવા જણાવાવમાં આવે છે.
જનરલ મેનેજર (પ્રો.)
ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ લિ.
માહિતી/૮૨૨/૨૧-૨૨

THIS IS A PUBLIC ANNOUNCEMENT FOR INFORMATION PURPOSES ONLY AND IS NOT A PROPSECTUS ANNOUNCEMENT AND DOES NOT CONSTITUTE AN INVITATION OR OFFER TO ACQUIRE, PURCHASE OR SUBSCRIBE TO SECURITIES, NOT FOR RELEASE, PUBLICATION OR DISTRIBUTION DIRECTLY OR INDIRECTLY OUTSIDE INDIA

aashka HOSPITALS LTD.

AASHKA HOSPITALS LIMITED
CORPORATE IDENTIFICATION NUMBER: U85110GJ2012PLC072647

Our Company was originally incorporated as Private Limited Company in the name of "Aashka Hospitals Private Limited" under the provisions of the Companies Act, 1956 vide Certificate of Incorporation dated November 09, 2012 bearing Corporate Identification Number U85110GJ2012PTC072647 issued by the Registrar of Companies, Gujarat, Dadra and Nagar Havelli. Subsequently, our Company was converted into a Public Limited Company pursuant to the special resolution passed by the shareholders at the Extra-Ordinary General Meeting of our Company held on June 25, 2018 and consequent upon conversion the name of our Company was changed to "Aashka Hospitals Limited" vide a fresh certificate of incorporation dated July 23, 2018 bearing Corporate Identification Number U85110GJ2012PLC072647 issued by the Registrar of Companies, Ahmedabad. For further details, please refer to chapter titled "History and Certain Corporate Matters" beginning on page 155 of the Prospectus.

Registered Office: Between Sargasan & Reliance Cross Road, Sargasan, Gandhinagar - 382421, Gujarat, India. | Tel:- +91-7575009000
Email Id: cs@aashkahospitals.in | Website: www.aashkahospitals.in | Contact Person: Kamleshbhai Patel, Company Secretary and Compliance Officer

PROMOTER OF THE COMPANY: BIPINCHANDRA SHAH

THE OFFER

INITIAL PUBLIC OFFER OF 84,00,000 EQUITY SHARES OF FACE VALUE OF ₹10.00/- EACH ("EQUITY SHARES") OF AASHKA HOSPITALS LIMITED ("AASHKA" OR THE "COMPANY" OR THE "ISSUER") FOR CASH AT A PRICE OF ₹121.00/- PER EQUITY SHARE INCLUDING A SHARE PREMIUM OF ₹111.00/- PER EQUITY SHARE (THE "OFFER PRICE") AGGREGATING TO ₹10,164.00 LAKHS ("THE OFFER") COMPRISING OF A FRESH ISSUE OF 54,00,000 EQUITY SHARES AGGREGATING TO ₹6,534.00 LAKHS (THE "FRESH ISSUE") AND AN OFFER FOR SALE OF 30,00,000 EQUITY SHARES BY THE PROMOTER SELLING SHAREHOLDERS AND THE SELLING SHAREHOLDERS ("OFFER FOR SALE") AGGREGATING TO ₹3,630.00 LAKHS OF WHICH 4,80,000 EQUITY SHARES OF FACE VALUE OF ₹10.00/- EACH FOR CASH AT A PRICE OF ₹121.00/- PER EQUITY SHARE INCLUDING A SHARE PREMIUM OF ₹111.00/- PER EQUITY SHARE AGGREGATING TO ₹580.80 LAKHS WILL BE RESERVED FOR SUBSCRIPTION BY MARKET MAKER TO THE ISSUE (THE "MARKET MAKER RESERVATION PORTION"). THE OFFER LESS THE MARKET MAKER RESERVATION PORTION I.E NET OFFER OF 79,20,000 EQUITY SHARES OF FACE VALUE OF ₹10.00/- EACH AT A PRICE OF ₹121.00/- PER EQUITY SHARE INCLUDING A SHARE PREMIUM OF ₹111.00 /- PER EQUITY SHARE AGGREGATING TO ₹9,583.20 LAKHS (THE "NET OFFER"). THE OFFER AND THE NET OFFER WILL CONSTITUTE 35.90% AND 33.85% RESPECTIVELY OF THE POST OFFER PAID UP EQUITY SHARE CAPITAL OF OUR COMPANY. FOR FURTHER DETAILS, PLEASE REFER TO SECTION TITLED "TERMS OF OFFER" BEGINNING ON PAGE NO 247 OF THE PROSPECTUS.

THE FACE VALUE OF THE EQUITY SHARES IS ₹10.00/- EACH AND THE ISSUE PRICE OF ₹121.00/- EACH
THE ISSUE PRICE IS 12.10 TIMES OF THE FACE VALUE OF THE EQUITY SHARES.

THIS ISSUE IS BEING MADE THROUGH FIXED PRICE PROCESS IN TERMS OF CHAPTER IX OF THE SECURITIES AND EXCHANGE BOARD OF INDIA (ISSUE OF CAPITAL AND DISCLOSURE REQUIREMENTS) REGULATIONS, 2018 ("SEBI (ICDR) REGULATIONS") AS AMENDED AND RULE 19(2)(B)(I) OF THE SECURITIES CONTRACTS (REGULATION) RULES, 1957, AS AMENDED (THE "SCRR"), THIS ISSUE HAS BEEN MADE FOR AT LEAST 25.00% OF THE POST-ISSUE PAID-UP EQUITY SHARE CAPITAL OF OUR COMPANY AND ALLOCATION IN THE NET ISSUE TO THE PUBLIC WILL BE MADE IN TERMS OF REGULATION 253 OF THE SEBI (ICDR) REGULATIONS, 2018, AS AMENDED. FOR FURTHER DETAILS, PLEASE REFER TO CHAPTER TITLED "OFFER PROCEDURE" BEGINNING ON PAGE 259 OF THE PROSPECTUS. A COPY OF THE PROSPECTUS HAS BEEN DELIVERED TO THE REGISTRAR OF COMPANIES, AHMEDABAD FOR FILING AS REQUIRED UNDER SECTION 26 OF THE COMPANIES ACT, 2013

FIXED PRICE ISSUE AT ₹121.00/- PER EQUITY SHARE
MINIMUM APPLICATION OF 1,000 EQUITY SHARES AND IN MULTIPLES OF 1,000 EQUITY SHARES THEREAFTER

ISSUE PROGRAM | OPENS TODAY
CLOSES ON: AUGUST 13, 2021 (FRIDAY)#

#UPI Mandate end time and date shall be at 12:00 pm on August 16, 2021

ASBA* | Simple, Safe, Smart way of Application – Make use of it!!! | *Applications Supported by Blocked Amount (ASBA) is a better way of applying to issues by simply blocking the fund in the bank account, investors can avail the same. For details, check section on ASBA below. | Mandatory in public issue No cheque will be accepted

UPI UNIFIED PAYMENTS INTERFACE
UPI – Now Mandatory in ASBA for Retail Individual Investors (RIIs) applying through Registered Brokers, DPs and RTAs. RIIs also have option to submit the application directly to the ASBA Bank (SCSBs) or to use the facility of linked online trading, demat and bank account.
Investors are required to ensure that the Bank A/c used for bidding is linked to their PAN
For details on ASBA and UPI process, please refer to the details given in Application Form, Abridged Prospectus and General Information Document for investing in the public issue and also please refer to Section "Offer Procedure" beginning on page 259 of the Prospectus. ASBA Forms can be downloaded from the websites of BSE Limited ("BSE") and can be obtained from the list of banks that is displayed on the website of the Securities and Exchange Board of India ("SEBI") at www.sebi.gov.in. List of banks supporting UPI is also available on the website of SEBI at www.sebi.gov.in. For the list of UPI Apps and Banks live on IPO, please refer to the link; www.sebi.gov.in

IN TERMS OF THE CIRCULAR NO. CIR/CFD/POLICYCELL/11/2015 DATED NOVEMBER 10, 2015 AND ALL POTENTIAL INVESTORS PARTICIPATE IN THE OFFER ONLY THROUGH APPLICATION SUPPORTED BY BLOCKED AMOUNT (ASBA) PROCESS PROVIDING DETAILS ABOUT THE BANK ACCOUNT WHICH WILL BE BLOCKED BY THE SELF-CERTIFIED SYNDICATE BANKS (SCSBS) FOR THE SAME. FURTHER PURSUANT TO CIRCULAR NO. SEBI/HO/CFD/DIL2/CIR/P/2019/76 DATED JUNE 28, 2019 FOR IMPLEMETION OF PHASE II FOR UPI FACILITY, WHICH IS EFFECTIVE FROM JULY 01, 2019. ALL POTENTIAL BIDDERS (EXCEPT ANCHOR INVESTORS) ARE REQUIRED TO MANDATORILY UTILIZE THE APPLICATION SUPPPORTED BY BLOCKED AMOUNT (ASBA) PROCESS PROVIDING DETAILS OF THEIR RESPECTIVE ASBA ACCOUNT OR UPI ID (IN CASE OF RIIS), IN WHICH THE CORRESPONDING APPLICATION AMOUNT WILL BE BLOCKED BY THE SCSBS OR UNDER THE UPI MECHANISM, AS APPLICABLE.
FOR MORE DETAILS IN THIS REGARD, SPECIFIC ATTENTION IS INVITED TO THE "OFFER PROCEDURE" ON PAGE NO 259 OF THE PROSPECTUS. INCASE OF DELAY, IF ANY, IN UNBLOCKING / REFUND THE FUND, OUR COMPANY SHALL PAY THE INTEREST ON THE APPLICATION MONEY AT THE RATE OF 15.00% PER ANNUM FOR THE PERIOD OF DELAY.

PROPOSED LISTING: The Equity Shares offered through the Prospectus are proposed to be listed on the SME Platform of BSE Limited ("BSE SME"), in terms of the Chapter IX of the SEBI (ICDR) Regulations, 2018, as amended from time to time. Our Company has received an In-Principle Approval Letter dated July 16, 2021 from BSE Limited for using its name in the offer document for listing of our shares on the BSE SME. For the purpose of this Issue, the Designated Stock Exchange will be the BSE Limited.
DISCLAIMER CLAUSE OF SECURITIES AND EXCHANGE BOARD OF INDIA ("SEBI"): Since the Issue is being made in terms of Chapter IX of the SEBI (ICDR) Regulations, 2018, the Offer Document was not filed with SEBI. In terms of the SEBI ICDR Regulations, SEBI shall not Issue any observations on the Offer Document. Hence, there is no such specific disclaimer clause of SEBI. However, investors may refer to the entire "Disclaimer Clause of Securities and Exchange Board of India" on page 237 of the Prospectus.
DISCLAIMER CLAUSE OF BSE LIMITED (DESIGNATED STOCK EXCHANGE): It is to be distinctly understood that the permission given by the BSE Limited ("BSE") should not in any way be deemed or construed that the contents of the Prospectus or the price at which the Equity Shares are offered has been cleared, solicited or approved by BSE, nor does it certify the correctness accuracy or completeness of any of the contents of the Prospectus. The investors are advised to refer to the Prospectus for the full text of the "Disclaimer Clause of the SME Platform of the BSE Limited" on page 237 of the Prospectus.
RISK IN RELATION TO THE FIRST ISSUE: This being the first public issue of our company, there has been no formal market for the securities of our company. The face value of the shares is ₹10.00/- per equity share and the Issue Price is 12.10 times of the face value. The Issue Price (is determined by our Company, the Promoter Selling Shareholders and the Selling Shareholders in consultation with the Lead Manager) as stated in the chapter titled on "Basis for Offer Price" beginning on page 92 of the Prospectus should not be taken to be indicative of the market price of the equity shares after the equity shares are listed. No assurance can be given regarding an active and/or sustained trading in the equity shares of our company nor regarding the price at which the equity shares will be traded after listing.
GENERAL RISK: Investments in equity and equity-related securities involve a degree of risk and investors should not invest any funds in this Issue unless they can afford to take the risk of losing their investment. Investors are advised to read the risk factors carefully before taking an investment decision in this offering. For taking an investment decision, investors must rely on their own examination of our Company and the Issue including the risks involved. The Equity Shares offered in the Issue have neither been recommended nor approved by Securities and Exchange Board of India nor does Securities and Exchange Board of India guarantee the accuracy or adequacy of this Prospectus. Specific attention of the investors is invited to the section titled "Risk Factors" beginning on page 23 of the Prospectus
CREDIT RATING: This being the offer of Equity Shares, no credit rating is required.
DEBENTURE TRUSTEES: As this is an offer of Equity Shares, the appointment of Trustees is not required.
IPO GRADING: Since this offer is made in terms of Chapter IX of the SEBI (ICDR) Regulations, there is no requirement of appointing an IPO Grading Agency.
BASIS OF OFFER PRICE: The Issue Price is determined by the Company, the Promoter Selling Shareholders and the Selling Shareholders in consultation with the Lead Manager. The financial data presented in section "Basis for Offer Price" on page no. 92 of the Prospectus are based on Company's Restated Financial Statements. Investors should also refer to the section titled "Risk Factors" and "Restated Financial Statement" on page no.23 and 178 respectively of the Prospectus.
INFORMATION AS REQUIRED UNDER SECTION 30 OF THE COMPANIES ACT, 2013 CONTENTS OF MAIN OBJECTS AS PER MEMORANDUM OF ASSOCIATION OF OUR COMPANY MAIN OBJECTS AS PER MEMORANDUM OF ASSOCIATION OF THE COMPANY: For information on the main objects of the Company, please see "History and Certain Corporate Matters" on page 155 of the Prospectus and Clause III of the Memorandum of Association of our Company. The Memorandum of Association of the Company is a material document which is available for inspection in relation to the Issue. For further details, please see "Material Contracts and Documents for Inspection" on page 343 of the Prospectus.
LIABILITY OF MEMBERS: Liability of the Members of the Company is limited.
AMOUNT OF SHARE CAPITAL OF OUR COMPANY AND CAPITAL STRUCTURE : Authorised Share Capital is ₹2,500.00 lakhs divided into 2,50,00,000 Equity Shares of face value of ₹10.00 /- each. Issued, Subscribed and Paid-up Share Capital prior to the offer is ₹1,800.00 lakhs divided into 1,80,00,000 fully paid Equity Shares of ₹10.00/- each. Proposed Post Issue Paid-up Share Capital ₹2,340.00 lakhs divided into 2,34,00,000 Equity Shares of ₹10.00/- each. For details of the share capital and capital structure of the Company, please refer to chapter titled "Capital Structure" on page no. 61 of the Prospectus.
NAME OF THE SIGNATORIES TO MEMORANDUM OF ASSOCIATION AND THE NUMBER OF SHARES SUBSCRIBED BY THEM: Bipinchandra Shah, Dr. Parag Thaker, Dr. Rajendra Raval, Haresh Shah and Dr. Kaushik Gajjar are the original subscribers to the Memorandum of Association who subscribed 6,000, 1,000, 1,000, 1,000, 1,000 Equity Shares each respectively of ₹10.00/- each aggregating to 10,000 Equity Shares.

FEDEX SECURIITIES PRIVATE LIMITED
B 7, 3rd Floor, Jay Chambers, Dayaldas Road, Vile Parle (East), Mumbai - 400 057, Maharashtra, India.
Tel No.: +91 81049 85249
Fax No.: Not Available
Investor Grievance Email Id: mb@fedsec.in
Website: www.fedsec.in
Contact Person: Yash Kadakia
SEBI Registration No.: INM000010163

Accurate.
ACCURATE SECURITIES & REGISTRY PRIVATE LIMITED
203, Shangrila Arcade, Above Samsung Showroom, Near Shyamal Cross Road, Satellite, Ahmedabad - 380015, Gujarat, India.
Tel No: 079 - 48000319
Website: www.accuratesecurities.com
Email Id: investor@accuratesecurities.com
Investor Grievance Email Id: investor@accuratesecurities.com
Contact Person: Ankur Shah
SEBI Registration Number: INR000004173

COMPANY SECRETARY AND COMPLIANCE OFFICER
Kamleshbhai Patel
Between Sargasan & Reliance Cross Road, Sargasan, Gandhinagar - 382421, Gujarat, India.
Tel: +91-7575009000
Email Id: cs@aashkahospitals.in
Website: www.aashkahospitals.in
Investors can contact our Company Secretary and Compliance Officer, the Lead Manager or the Registrar to the Issue, in case of any pre-issue or post-issue related problems, such as non-receipt of letters of allotment, non-credit of allotted Equity Shares in the respective beneficiary account, non-receipt of refund orders and non-receipt of funds by electronic mode etc.

AVAILABILITY OF PROSPECTUS: Investors should note that Investment in Equity Shares involves a high degree of risk and investors are advised to refer to the Prospectus and the Risk Factors contained therein, before applying in the Issue. Full copy of the Prospectus will be available at the website of SEBI at www.sebi.gov.in, the website of Stock Exchange at www.bseindia.com, the website of our Company at www.aashkahospitals.in and also on website of Lead Manager at www.fedsec.in.
AVAILABILITY OF APPLICATION FORMS: Application Forms can be obtained from the Registered Office of Aashka Hospitals Limited and the Lead Manager to the Issue – Fedex Securities Private Limited. Application forms shall be available at selective location of Registered Brokers, Bankers to the Issue, RTA and Depository Participants. Application Forms can be obtained from the website of BSE Limited and at the Designated Branches of SCSBs, the list of which is available on the website of BSE Limited & SEBI.
APPLICATIONS SUPPORTED BY BLOCKED AMOUNT (ASBA): The investors are required to fill the application form and submit the same to the relevant SCSBs at the specific locations or registered brokers at the broker centers or RTA or DPs. The SCSBs will block the amount in the account as per the authority contained in application form. On allotment, amount will be unblocked and account will be debited only to the extent required to be paid for allotment of shares. Hence, there will be no need of refund. For more details on the ASBA process, please refer to the details given in Application Form and the Prospectus and also please refer to the chapter titled "Offer Procedure" on page 259 of the Prospectus.
APPLICATION SUPPORTED WITH UNIFIED PAYMENTS INTERFACE (UPI): Investors are advised to carefully refer SEBI Circular SEBI/HO/CFD/DIL2/CIR/P/2018/138 dated November 01, 2018 and as modified through its SEBI circular (SEBI/HO/CFD/ DIL2/CIR/P/2019/50) dated April 03, 2019, SEBI circular (SEBI/HO/CFD/DIL2/CIR/P/2019/76) dated June 28, 2019, SEBI circular no. SEBI/HO/CFD/DIL2/CIR/P/2019/85 dated July 26, 2019, SEBI Circular SEBI/HO/CFD/DCR2/CIR/P/2019/133 dated November 08, 2019 and SEBI Circular No. SEBI/HO/CFD/DIL2/CIR/P/2020/50 dated March 30, 2020, for the procedure to be followed for applying through UPI. Further, SEBI vide its circular no. SEBI/HO/CFD/DIL2/CIR/P/2021/2480/1/M dated March 16, 2021 as amended pursuant to SEBI circular no. SEBI/HO/CFD/DIL2/P/CIR/2021/570 dated June 2, 2021, has introduced certain additional measures for streamlining the process of initial public offers and redressing investor grievances. Retail Individual Investors have to apply through UPI Mechanism. Retail Individual Investors whose bank is not live on UPI as on date of this circular, may use the other alternate channels available to them viz. Submission of application form with SCSBs/ using the facility linked online trading, demat and bank account list. For further details, please refer the chapter titled "Offer Procedure" beginning on page 259 of the Prospectus.

Sponsor Banker/ Banker to the Issue and Refund Banker to the Issue: ICICI Bank Limited
All capitalized terms used herein and not specifically defined shall have the same meaning as ascribed to them in the Prospectus.
Investor should read the Prospectus carefully, including the "Risk Factors" beginning on page 23 of the Prospectus before making any investment decision.

AASHKA HOSPITALS LIMITED
On behalf of the Board of Directors
Sd/-
Bipinchandra Shah, Chairman and Managing Director
DIN: 00934108

Date: August 09, 2021
Place: Ahmedabad

AASHKA HOSPITALS LIMITED is proposing, subject to applicable statutory and regulatory requirements, receipt of requisite approvals, market conditions and other considerations, an Initial Public Offer of its Equity Shares and has filed the Prospectus with the Registrar of Companies, Ahmedabad. The Prospectus is available on the website of SEBI at www.sebi.gov.in, the website of the Lead Manager at www.fedsec.in, website of the BSE Limited at www.bseindia.com and website of Issuer Company at www.aashkahospitals.in. For details, investors should refer to and rely on the Prospectus including the section titled "Risk Factors" beginning on page no. 23 of the Prospectus.
The Equity Shares offered in this Offer have not been and will not be registered under the US Securities Act 1933, as amended (the "Securities Act") or any state securities laws in the United States and may not be offered or sold within the United States or to, or for the account or benefit of, "U.S. persons" (as defined in Regulation S of the Securities Act), except pursuant to an exemption from, or in a transaction not subject to, the registration requirements of the Securities Act. Accordingly, the Equity Shares will be offered and sold (i) within the United States only to persons reasonably believed to be "Qualified Institutional Buyers" (as defined in Rule 144A of the Securities Act) under Section 4(a) of the Securities Act, and (ii) outside the United States in offshore transaction in reliance on Regulation S under the Securities Act and the applicable laws of the jurisdiction where those offer and sales occur.
The Equity Shares have not been and will not be registered, listed or otherwise qualified in any other jurisdiction outside India and may not be offered or sold, and Application may not be made by persons in any such jurisdiction, except in compliance with the applicable laws of such jurisdiction.